The Royal Liverpool and Broadgreen University Hospitals NHS Trust

Gujarati

# ધ રોયલ લિવરપુલ એન્ડ બ્રોડગ્રીન યુનિવર્સિટી હોસ્પીટલ્સ

એનએચએસ ટ્રસ્ટ

સાથે સારા
(બેટર ટુગેધર)

Better together

## દરદી માટે માહિતી

**નિટિસીનોન (ઓર્ફાડીન) ૨ મિલિગ્રામ સખત કેપસ્યુલ (Nitisinone Orfadin® 2mg) Hard Capsules**

ફાર્મસી એન્ડ ક્લીનિક્લ કેમિસ્ટ્રી ડાયરેક્ટોરેટ્સ (Pharmacy and Clinical Chemistry Directorates)

PIF 1601 V3

# અગત્યની માહિતી – કૃપા કરી નીચે જણાવેલ બાબત ધ્યાનથી વાંચશો

# આ દવા લેવાનું શરૂ કરો તે પહેલા આ પુરી પત્રિકા ધ્યાનપુર્વક વાંચજો

- આ પત્રિકા સાચવજો. તેને ફરીવાર વાંચવાની તમને જરૂર પડી શકે છે.
- જો તમારે કોઇ પણ વધારે સવાલો પુછવા હોય, તો તમારા કન્સલટન્ટ કે ફાર્મસિસ્ટને પુછશો.
- આ દવા તમારા માટે છે. તમારી દવા ક્યારે પણ કોઇ બીજી વ્યક્તિને દેવી નહિં. તેનાથી તેઓને નુકસાન થઇ શકે છે, ભલે તેઓને તમારા જેવી જ તકલીફ કે બિમારી હોય. જો નીચે જણાવેલી કોઇ પણ આડઅસરો વધુ પરેશાની કરે કે આ દરદી (પેશન્ટ) માટેની માહિતી પત્રિકામાં જણાવેલી ના હોય તેવી આડઅસર તમારા ધ્યાનમાં આવે તો કૃપા કરી તમારા કન્સલટન્ટ કે ફાર્મસિસ્ટને પુછશો.

## નિટિસીનોન શું છે, અને શા માટે લેવામાં આવે છે?

નિટિસીનોન એક દવા છે જેનો ઉપયોગ એક ભાગ્યે જ થતી વંશિય બિમારીની સારવાર કરવામાં આવે છે અને તે બિમારીને અલ્કાપ્ટોન્યુરિયા, અને એકેયુ (AKU) પણ કહે છે, જે જનમથી હોય છે. એકેયુ થવાનું કારણ એક પાચક રસ (એન્ઝાઇમ)ની ખામી છે જેના લીધે

શરીર એક હોમોજેન્ટીસિક એસિડ નામનો પદાર્થ (એચજીએ) પચાવી નથી શકતું. જો તમે એકેયુથી પિડાતા હોય, તો જયારે શરીરમાં એચજીએની માત્રા વધી જાય, ત્યારે તેના ચિન્હો જણાશે. દા.ત.

- કરોડરજ્જુ અને બીજા મોટા સાંધાઓમાં સખત આર્થરાઇટીસ
- હ્રદયમાંના પડદા (વાલ્વ)માં નુકસાની
- કિડનીમાં, પુરૂષની જનેન્દ્રિય પાસેની પુરસ્થગ્રંથી (પ્રોસ્ટેટ)માં, પિત્તાશય અને લાળ ઉત્પન્ન કરનાર ગ્રંથીમાં પથરી થવી
- સ્નાયુબંધ, સ્નાયુઓ અને અસ્થિબંધન ફાટવું (ફુટવું કે તુટવું)
- હાડકામાં તડ પડવી
- સાંભળવામાં તકલીફ થવી
- કિડનીમાં નુકસાની થવી.

એચજીએ જે પાચક રસ ઉત્પન્ન કરે છે તેને નિટિસીનોન અટકાવે છે. આમ કરવાથી એચજીએ શરીરમાં એકઠું થવાનું બંધ થાય છે અને નુકસાન થતું રોકવામાં આવે છે.

જયારે તમે ખોરાકમાં પ્રોટીન (ઔજસદ્રવ્ય) લો છો, ખાસ કરીને જેમાં ટાઇરોસીન અને ફેનિલાલાનાઇન નામના પદાર્થો હોય છે, ત્યારે શરીર એચજીએ ઉત્પન્ન કરે છે. જયારે તમે નિટિસિનોનીન લેતા હોય ત્યારે એ જરૂરી છે કે તમે ખાસ આહાર લો જેમાં આ પદાર્થો ઓછા પ્રમાણમાં હોય. જો તમે આ પદાર્થોવાળો ખોરાક અને પીણા લેવાનું ચાલુ રાખશો, તો તમારા લોહીમાં ટાઇરોસીન ઉચ્ચ પ્રમાણમાં વધી શકે છે. તેનાથી

આંખોમાં, ત્વચામાં અને કેન્દ્રિય મજ્જાતંત્ર (સેન્ટ્રલ નર્વસ સીસ્ટમ)માં તકલીફ ઉભી થઇ શકે છે.

તમારા કન્સલટન્ટ અને/અથવા આહાર નિષ્ણાંત (ડાયેટીશન) તમારા આહારમાં કરવાના ફેરફાર વિષે તમારી સાથે વધુ વિગતસર ચર્ચા કરશે. ક્યો ખાસ ખોરાક લેવો ના જોઇએ તેના વિષે ડાયેટીશનો તમને વધુ માહિતી પુરી પાડશે અને એક આહાર યોજના પાળવા માટે આપશે.

## નિટિસીનોન કેપ્સ્યુલ લો તેની પહેલા તપાસવાની બાબતો

જો નિટિસીનોન કે નિટિસીનોન કેપ્સ્યુલની અંદર આવેલા કોઇ પણ તત્વની તમને એલર્જી હોય તો તમારે નિટિસોનિન કેપ્સ્યુલ ન લેવી.  જો આમ બાબત હોય તો આ દવા ચાલુ કરતા પેલા તમારા કન્સલટન્ટ કે ફાર્મસીસ્ટ સાથે વાત કરો.

આ દવા ચાલુ કરતા પેલા, તમારા કન્સલટન્ટ કે ફાર્મસીસ્ટને તમારો તબીબી ઇતિહાસ જણાવો, ખાસ કરીને જો તમને આંખની કોઇ પણ તકલીફ હોય (દા.ત. આંખમાં દુઃખાવો, લાલાશ કે સોજો, જો તમારી આંખો પ્રકાશ સહી શકતી ન હોય કે તમને કોઇ બીજી તકલીફ હોય જેવો કે મોતિયો અથવા આંખના પારદર્શક પડદામાં ચાંદી).  સારવારની શરૂઆત કરવા પેલા તમને કદાચ આંખની તપાસ કરાવવાની જરૂર પડે.

તમારા કન્સલટન્ટ તમને નિયમિત મુલાકાત લેવાની સલાહ આપશે જેથી કરીને નિટિસીનોનની સારવાર દરમિયાન તમારા લિવર (યુકૃત)ની કાર્યશીલતા અને લોહીની ગણતરીના પ્રમાણ ઉપર દેખરેખ રાખી શકાય.

**અન્ય દવાઓ**

એવી દવાઓ પણ હોય શકે જે નિટિસીનોન સાથે ભળીને અસર ઉભી કરી શકે. જો તમે હાલ બીજી કોઇ પણ દવા લેતાં હોય, કે થોડા સમય પેલા લીધી હોય, તો પણ તમારા કન્સલટન્ટ અને ફાર્મસીસ્ટને તેના વિષે જણાવવું જરૂરી છે, ભલે આ બીજી દવા માટે પ્રિસ્ક્રીપ્શન જરૂરી ના હોય, જેવી કે આયુર્વેદિક કે વિટામિન પુરક માટેની હોય.

તમારી પાસે તમારી દવાઓનું એક તાજુ તારીખવાર લિસ્ટ રાખો, અને જો તમે તમારી કોઇ પણ દવા શરૂ કરો, લેવાનું બંધ કરો કે માત્રામાં ફેરફાર કરો, તો તમારી સારવાર કરનાર કન્સલટન્ટ, ફાર્મસીસ્ટ કે દાક્તરને તેનાથી નિટિસીનોન સાથે કોઇ પણ થતી અસર તપાસવાનું પુછશો.

**ગર્ભાવસ્થા અને સ્તનપાન કરાવવું:**

જો તમે સગર્ભા હોય, કે ગર્ભવતી થાવ, અથવા સ્તનપાન કરાવવા ઇચ્છો તો નિટિસીનોન લેવા પેલા તમારા કન્સલટન્ટ કે ફાર્મસીસ્ટનો સંપર્ક કરવો જરૂરી છે.

**કુશળતાવાળા કાર્યો કરવા (દા.ત. વાહન હાંકવું અને મશીન ચલાવવા)**:

નિટિસીનોન લેતા હોય તે સમય દરમિયાન જો તમને જોવામાં તકલીફ જણાય, તો તમારે વાહન હાંકવા કે મશીનનો ઉપયોગ કરવા પેલા તમારા કન્સલટન્ટને મળીને સલાહ લેવી જરૂરી છે.

## નિટિસીનોન કેપ્સ્યુલ કેવી રીતે લેવી જોઇએ

હંમેશા નિટિસીનોનની ટીકડીઓ તમારા દાક્તરે જેમ કહ્યું હોય તેવી રીતે જ લેવી જોઇએ. જો તમને બરાબર ખાતરી ના હોય કે કેવી રીતે લેવી, તો તમારે તમારા કન્સલટન્ટ કે ફાર્મસીસ્ટ સાથે ચોખવટ કરી લેવી જોઇએ.

**દવા લેવાની રીત**

નિટિસીનોન કેપ્સ્યુલ મોંઢેથી ખોરાક સાથે લેવી જોઇએ.

**માત્રા (દવાનો ડોઝ)**

નિટિસીનોનની સાધારણ માત્રા રોજની એક કેપ્સ્યુલ હોય છે. તમારો ડોઝ દરરોજ એક જ સમયે લો. આ દવાનો પુરેપુરો ફાયદો મેળવવા માટે એ જરૂરી છે કે તમે તે નિયમિતપણે લો.

## જો તમે તમારી નિટિસિનોન કેપ્સ્યુલ લેતા ભુલી ગયા હોય તો

તમને યાદ આવે એટલે તરત ભુલી ગયેલ દવાનો ડોઝ લઇ લો. જો તમારો દવા લેવાનો ત્યાર પછીનો સમય થવા આવ્યો હોય, તો ભુલી ગયેલ દવા રહેવા દઇ હાલનો ડોઝ સુચના મુજબ લઇ લો.
**ભુલાયેલ દવાના હિસાબે બે ડોઝ લેવા નહિં.**

## તમારે લેવી જોઇએ તેના કરતા જો તમે વધુ નિટિસીનોન કેપ્સ્યુલ્સ લઇ લો તો શું કરવું

જો તમે વધારે દવા લઇ લો, કે તમારી દવા કોઇ બીજી વ્યક્તિ લઇ લે, તો કોઇ દાક્તરને જણાવો, કે તમારી નજીકની એમર્જન્સી ડિપાર્ટમેન્ટ

(તાત્કાલિક સારવાર વિભાગ – એ એન્ડ ઇ ડિપાર્ટમેન્ટ)માં તરત જાવ. જે કાંઇ વધેલી દવા હોય તે અથવા તો દવાનું ખાલી પાકીટ દાક્તરને બતાવો. સલાહ માટે લિવરપુલમાં આવેલા ધ નેશનલ અલ્કાપ્ટોન્યુરિયા સેન્ટર (એનએસી)નો સંપર્ક તમારે પોતાને અથવા તમારા દાક્તરને કરવા કહેવું જરૂરી છે.

**નિટિસીનોનની સંભવિત આડઅસરો**

બીજી બધી દવાઓની માફક, નિટિસીનોનથી પણ આડઅસર થઇ શકે છે, જો કે બધાને તે પ્રમાણે નથી થતું.

અમુક આડઅસરો થવાનું કારણ તમારી આહાર માટેની યોજનાનું સરખી રીતે પાલન ન કરવાથી અને જે ખોરાક અને પીણા તમારે લેવા ન જોઇએ તે લેવાથી થઇ શકે છે.

**ચિંતા કરશો નહિં.** એ જાણવું અગત્યનું છે કે આ આડઅસરો કદાચ થઇ શકે, પણ જવલ્લે જ થાય છે.

**જો અહિં જણાવેલ કોઇ પણ ગંભીર આડઅસર તમને જણાય, તો નિટિસીનોન લેવાનું બંધ કરીને તાત્કાલિક કોઇ દાક્તરને મળો – તમને કદાચ તત્કાલ તબિબિ સારવારની જરૂર પડેઃ તમારી નજીકની એમર્જન્સી ડિપાર્ટમેન્ટમાં તત્કાલ હાજર થઇ જાવ.**

- કોઇ એલર્જીવાળી પ્રતિક્રિયા (દા.ત. ખંજવાળ કે અળાઇ, મોંઢા પર કે હાથમાં સોજો, મોંઢામાં કે ગળામાં સોજો કે ઝણઝણાટી, છાતીમાં દબાણ અથવા શ્વાસ લેવામાં તકલીફ પડવી)
- કાળો, ડામર જેવો કે લોહીથી ખરડાયેલ ઝાડો
- ઘેરા રંગનો પેશાબ કે ફિક્કા રંગનો ઝાડો
- હદ્દુપરાંતની તરસ કે ત્વચા ગરમ, સુકી લાગવી
- જોઇ શકવામાં તકલીફ, કે આંખોથી પ્રકાશ સહન ન થવો
- લાલ, આળી, દુઃખતી, સોજેલી કે અસ્વસ્થ આંખો
- ઓચિંતો પેટમાં દુખાવો, કબજિયાત, ઉલટી
- અસામાન્ય લોહીનું વહેવું, જામા પડવા, કે અશક્તિ
- ત્વચા કે આંખોમાં પીળાશ જણાવી

બીજી, કમ ગંભીર આડઅસરો પણ થવાની વધુ શક્યતાઓ છે. નિટિસીનોન લેવાનું ચાલુ રાખવું અને જો નીચે જણાવેલ કોઇ એક પણ આડઅસર જણાય તો તમારા કન્સલટન્ટ કે ફાર્મસીસ્ટ સાથે વાત કરોઃ

- તાવ, ગળું દુઃખવું, ઉધરસ અને સ્નાયુઓમાં દુઃખાવો
- અળાઇ જેનાથી ત્વચાનું ઉખડવું, ખરવું અને ખંજવાળ આવવી
- ઝાડા થવા, ઉબકા આવવા, ઉલટી થવી કે કબજિયાત
- ગભરાટ થવો કે થાક લાગવો
- તમારા માસિક આવવાના સમયમાં ફેરફાર થવા
- તરસ લાગવી
- પેટમાં હળવું દુઃખવું

- ધ્યાન દેવામાં કે યાદશક્તિમાં તકલીફ પડવી.

ઉપર જણાવેલી કોઇ પણ આડઅસરો ખરેખર પરેશાની આપે કે આ પત્રિકામાં જણાવેલી ના હોય તેવી કોઇ આડઅસરનો તમને અનુભવ થાય તો કૃપા કરી તમારા કન્સલટન્ટને કે ફાર્મસીસ્ટજે જણાવશો.

## નિટિસીનોન કેપ્સ્યુલ્સને કેવી રીતે રાખવી

નિટિસીનોન કેપ્સ્યુલ્સને બાળકોના હાથમાં કે તેમની નજરમાં ન આવે તેમ રાખવી.
નિટિસીનોન કેપ્સ્યુલ્સને ફ્રિજ (2-8°C બેથી આઠ ડિગરી સેલ્સિયસ તાપમાન)માં રાખવી જોઇએ.  નિટિસીનોન કેપ્સ્યુલ્સને તે આવી હોય તે જ પાકીટમાં રહેવા દેવી અને પાકીટની અંદર રહેલી દવાને પ્રકાશથી બચાવવી.

દવાની કાપલી પર જે અંતિમ તારીખ છાપી હોય ત્યાર બાદ તે દવા લેવી નહિં.  આ અંતિમ તારીખ મહિનાના આખરી દિવસની હોય છે.
દવાઓ ઘરેલુ કચરામાં કે ગંદુ પાણી જતું હોય તેમાં નાંખવી નહિં.
જેટલી કેપ્સ્યુલ્સ પુરી પાડવામાં આવી હોય તે બધી તમે ન વાપરો, તો વધેલી કેપ્સ્યુલ્સ કોઇ ફાર્મસીમાં પરત કરી દેવી.

## નિટિસીનોન કેપ્સ્યુલ્સમાં શું હોય છે?

આ દવામાંનું સક્રિય તત્વ નિટિસીનોન છે.  બીજા તત્વો પ્રીજેલિટીનાઇઝ્ડ (ચીકણો કરેલ) સ્ટાર્ચ (મકાઇ), જીલેટિન (હાડમાંથી બનતો ચીકણો

પદાર્થ), ટિટેનિયમ ડાયોક્સાઈડ (E171), કાળુ આયર્ન ઓક્સાઇડ (E172), લાખ (શેલાક) અને પ્રોપીલીન ગ્લાઇકોલ.

### આ ઉપજના પરવાના વિષેની સ્થિતિઃ

નિટિસીનોન ફક્ત એક જ બીજી બિમારી માટે લાયસન્સ કરાયેલી છે જે હેરેડિટરી ટાઇરોસિનેમિયા ટાઇપ-વન તરિકે ઓળખાય છે. તેનો એ મતલબ થાય છે કે એકેયુ માટે નિટિસીનોનનો વપરાશ બિનપરવાનાનો છે. તેનો એ મતલબ નથી થતો કે નિટિસીનોન અસલામત છે. તમારા કન્સલટન્ટ તમને આ બધું ક્લીનિકમાં સમજાવશે અને તમને નિટિસીનોન દવા લખી આપે તે પેલા જોખમ અને ફાયદાઓને ધ્યાનમાં લેશે.

આ પત્રિકામાં આવેલી માહિતી ફક્ત એકેયુ માટેની નિટિસીનોન કેપ્સ્યુલ્સને લાગુ પડે છે. જો તમને કોઇ પણ પ્રશ્નો પુછવા હોય કે કોઇ બાબત વિષે ચોક્કસ જણાયું ન હોય, તો તમારા કન્સલટન્ટ કે ફાર્મસીસ્ટને પુછશો.

### તમને વધુ માહિતી કે સલાહની જરૂર હોય તો કોનો સંપર્ક કરવો

જો તમારે કોઇ પણ વધારે પ્રશ્નો હોય, તો કૃપા કરી અમારો સંપર્ક કરતા અચકાશો નહિં. નેશનલ અલ્કાપ્ટોન્યુરિયા સેન્ટર (NAC) ના દાક્તરો અને બીજા સ્વાસથ્ય વિષેના નિષ્ણાંતોને વ્યવહારૂ અનુભવ હોય છે તેમજ તેમની પાસે સ્વાસથ્ય વિષેના નિષ્ણાંતો માટે વધારાની લેખિત માહિતી હોય છે જેનો ઉપયોગ તેઓ તમારા કોઇ પણ પ્રશ્નોનો જવાબ આપવા માટે કરી શકે.

## વધુ માહિતી

ડોક્ટર એલ રંગાનાથ, કન્સલટન્ટ ઇન ક્લીનિકલ બાયોકેમિસ્ટ્રી એન્ડ મેટાબોલિક મેડિસિન; 0151 706 4197.

ડોક્ટર ઇ માર્ક્સ, કન્સલટન્ટ ઇન ક્લીનિકલ બાયોકેમિસ્ટ્રી એન્ડ મેટાબોલિક મેડિસિન; 0151 706 4197.

ડોક્ટર વી મિશ્રા, કન્સલટન્ટ ઇન ક્લીનિકલ બાયોકેમિસ્ટ્રી એન્ડ મેટાબોલિક મેડિસિન; 0151 706 4197.

ઓફિસ બંધ હોવાના સમય દરમિયાન 0151 706 2000 (સ્વીચબોર્ડ પર ઉપરના કોઇ એક કન્સલટન્ટ માટે પુછવું)

## ફાર્મસીસ્ટ્સ

દવાની માહિતી માટે આ નંબર પર સંપર્ક કરી શકાશે ટેલિઃ 0151-706-2096 તમારી દવા વિષે સલાહ લેવા માટે.

લેખકઃ ફાર્મસી એન્ડ ક્લીનિકલ કેમિસ્ટ્રી ડાયરેક્ટોરેટ્સ
ફેરતપાસ માટેની તારીખઃ જુન 2015

All Trust approved information is available on request in alternative formats, including other languages, easy read, large print, audio, Braille, moon and electronically.

ટ્રસ્ટને લગતી બધી માન્ય કરેલી માહિતી અન્ય સ્વરૂપમાં મળી શકશે, જેમાં અન્ય ભાષાઓનો સમાવેશ થાય છે, વાંચવાનું સહેલું પડે તેવું (ઈઝી રીડ), મોટા અક્ષરોમાં, સાંભળી શકાય તેવા માધ્યમ દ્વારા, બ્રેઇલ લિપિમાં મુન અને ઋણ વિજાણું (ઈલેક્ટ્રોનિક્લી - ઈમેલ) મારફત.